# ગાંધીનગર રાજ્યનું સૌથી ઠંડુ શહેર

## ફરી પારો ગગડ્યો અને શહેર થયું ઠંડુગાર..!! : માત્ર બે જ દિવસમાં સાડા ત્રણ ડિગ્રી ઘટીને લઘુત્તમ તાપમાન ૧૫.૫ સે. નોંધાયુ : મહત્તમ તાપમાન ૩૪ ડિગ્રી સે. સાથે વાતાવરણમાં વિષમતાનો અનુભવ

ગાંધીનગર, તા. ૨૮

ફરી એકવાર પાટનગરમાં શીત લહેર પ્રસરવા પામી છે અને માત્ર બે જ દિવસમાં શહેરનું લઘુત્તમ તાપમાન સાડા ત્રણ ડિગ્રી જેટલુ ગગડી જવા પામ્યું છે. આ સાથે ગાંધીનગર રાજ્યભરમાં સૌથી ઠંડુ શહેર બન્યુ છે જ્યાં લઘુત્તમ તાપમાન ૧૫.૫ ડિગ્રી સે. નોંધાયું છે. વાતાવરણમાં ભેજનું પ્રમાણ પણ સવારે ૬૪ ટકા નોંધાયુ હતુ તે સાંજ સુધીમાં ઘટીને માત્ર ૩૮ ટકા થઈ ગયું હતુ. જો કે મહત્તમ તાપમાન હજુ પણ ૩૪ ડિગ્રી સે. હોવાથી નાગરિકોને વાતાવરણમાં બેવડી વિષમતાનો સામનો કરવો પડી રહ્યો છે.

ગાંધીનગરમાં છેલ્લાં એક માસના સમયગાળામાં વાતાવરણમાં વારંવાર ચડ ઉતર અનુભવાઈ છે. નવરાત્રીના સમયથી જ વાદળછાયા વાતાવરણ સાથે ઠંડીનું જોર વધતું જણાયુ હતુ પરંતુ શરદપૂનમ પછી તેમાં રાહત અનુભવવામાં આવી હતી. ફરી એકવાર મહત્તમ તાપમાન અને લઘુત્તમ તાપમાનમાં મોટા તફાવત સાથે શિયાળાના આગમન પૂર્વે જ ઠંડીનું જોર વધતુ જણાઈ રહ્યું છે. ઋતુ સંધિકાળના આ સમયમાં વાતાવરણમાં વધી ગયેલી વિષમતા નાગરિકોના સ્વાસ્થ્ય માટે ચિંતાજનક બની રહી છે અને મૌસમી બિમારીઓનું જોર વધી જવા પામ્યું છે. બીજી તરફ દિવાળીના તહેવારો આંગણે આવીને ઉભા છે ત્યારે ઠંડીનું જોર વધતા બજાર પર તેની અસર વર્તાવાની ભીતિ સેવાઈ રહી છે.



ગૃહ સજાવટ - દિવાળીના આગમનના પગલે ઘર સજાવટ માટે મનપસંદ ફોટો ફ્રેમ સામાન્યતઃ ખરીદાતી હોય છે... ત્યારે ગાંધીનગરના માર્ગો પર નવા નવા પ્રકારના પેઈન્ટીંગની ફોટો ફ્રેમ વેચાણની સાથે સાથે શો-પીસની અવનવી વેરાઈટીઝ સાથે ફુટપાથ પર પાથરણાવાળા ગોઠવાઈ ગયા છે...

# ગાંધીનગર જિલ્લાના પ્રભારી સચિવ તરીકે મમતા વર્મા નિમાયા

ગાંધીનગર, તા. ૨૮

ગાંધીનગર જિલ્લાના પ્રભારી સચિવ તરીકે સુશ્રી મમતા વર્માની નિમણુંક કરવામાં આવી છે.

જિલ્લાના લોકોના પ્રશ્નોનું મોનીટરીંગ કરવા તથા વહીવટ પર દેખરેખ રાખવા માટે પ્રભારી સચિવોની નિયુક્તી કરવામાં આવે છે. જેથી વહીવટને લોકાભિમુખ બનાવવાના સરકારના અભિગમનો ઝડપી અમલ થાય.

રાજ્યના સામાન્ય વહીવટ વિભાગે આજે જિલ્લાઓના પ્રભારી સચિવોની નિયુક્તી અંગેના હુકમો કર્યા છે. જેમાં પ્રભારી સચિવ સંજીવકુમારના સ્થાને સુશ્રી મમતા વર્માની નિયુક્તી કરવામાં આવી છે. અગાઉ સંજીવકુમાર જિલ્લાના પ્રભારી સચિવ તરીકે ફરજો બજાવતા હતા જે ઉલ્લેખનીય છે.

સુશ્રી મમતા વર્મા ગાંધીનગરના કલેક્ટર તરીકે અગાઉ ફરજો બજાવી ચુક્યા છે. આ પ્રભારી સચિવો દર ત્રણ મહિને જિલ્લાતંત્રની કામગીરીની સમીક્ષા કરી પોતાનો અહેવાલ રાજ્ય સરકારને આપશે.

# દિવાળી બાદ મકાનોની કીંમતમાં ૧૦ થી ૧૫ ટકાનો વધારો આવશે

## બિલ્ડીંગ મટીરીયલ્સમાં રેતી, કપચી, સિમેન્ટ સ્ટીલ સહીતના ભાવમાં ૨૦ થી ૨૨ ટકાના વધારાથી બાંધકામ મોંઘુ થયુ : નગરના બિલ્ડર્સ પણ ભાવ વધારા માટે મજબુર બન્યા હોવાનો રીયલ ડેવલપર્સ એસોસિએશનનો સુર : ગત વર્ષની સાપેક્ષમાં મટીરિયલ્સમાં ૨૦ થી ૪૦ ટકાનો ભાવવધારો

ગાંધીનગર તા ૨૮

છેલ્લા એક વર્ષમાં બિલ્ડીંગ મટિરીયલ્સના ભાવમાં ૨૦ થી ૪૦ ટકાનો તોતિંગ ભાવવધારો થયો છે. રેતી, સિમેન્ટ , કપચી, સ્ટીલ , ઈંટો સહીતની ચીજવસ્તુઓના ભાવમાં નોંધપાત્ર વધારો થતા બાંધકામની કીંમત પણ વધી છે. આ સ્થિતિ વચ્ચે બિલ્ડર્સ પણ ભાવ વધારા માટે મજબુર બન્યા છે. બિલ્ડીંગ મટિરીયલ્સના ભાવવધારાની આડ અસર વચ્ચે દિવાળી બાદ મકાનોની કીંમતમાં પણ ૧૦ થી ૧૫ ટકા ભાવવધારો તોળાઈ રહ્યો છે.

રીયલ એસ્ટેટ ડેવલપર્સ એસોસિએશન ઓફ ઈન્ડિયા ગાંધીનગરના પ્રમુખ સુરેશ પટેલ અને જશુભાઈ પટેલના જણાંવ્યા મુજબ બિલ્ડીંગ મટિરીયલ્સની સામગ્રી સિમેન્ટ, પાઈપ , કોપર, ઈલેકટ્રીક વાયર, ઈંટ રેતી અને કપચી સહીતના ભાવમાં ૨૦ થી ૪૦ ટકાનો વધારો થયો છે. જેના લીધે રહેણાંક અને કોર્મશિયલ પ્રોજેકટના નિર્માણનુ કામ કરતા બિલ્ડરો પર વિપરિત અસર થઈ છે. પ્રોજેકટ નિર્માણનુ કામ પણ કઠીન બન્યુ છે. જયારે આ સ્થિતિ વચ્ચે મકાનોની કીંમતમાં પણ નોંધપાત્ર વધારો થશે. આગામી દિવસોમાં ડેવલપર્સની સ્કીમના મકાનોમાં ૧૦ થી ૧૫ ટકાનો ભાવવધારો થાય તેવી સંભાવના છે. આ અંગે તેમણે વધુ માહીતી આપતા જણાંવ્યુ હતુ કે રીયલ એસ્ટેટ અને કન્સ્ટ્રકશનના નિષ્ણાંતોના એક અભ્યાસ મુજબ છેલ્લા એક વર્ષમાં બિલ્ડીંગ મટીરીયલ્સની કીંમતમાં ધરખમ ભાવ વધારો થયો છે. ગત વર્ષની સાપેક્ષમાં સ્ટીલ પ્રતિકીલો રૂ ૧૯ નો વધારો થતા હવે રૂ ૪૧ ના બદલે ૬૦ રૂપિયા સુધી પહોંચ્યુ છે. સ્ટીલના ભાવમાં જ ૪૦ ટકાનો વધારો થઈ ગયો છે. આ ઉપરાંત સિમેન્ટની એક બેગનો ભાવ પણ રૂ ૨૯૦ થી વધીને અત્યારે રૂ ૩૫૦ થી ૩૬૦ સુધી થઈ ગયો છે. આ જ રીતે સિરામિક સ્ટોન માર્બલમાં ૨૦ ટકા કપચી અને ઈંટોમાં પણ ૨૫ થી ૪૦ ટકાનો વધારો થયો છે. સિમેન્ટના ભાવમાં પણ ૨૦ ટકનો વધારો ઝીંકી દેવાયો છે. જેના લીધે બાંધકામની કીંમત પણ વધી છે. છેલ્લા એક વર્ષમાં બિલ્ડીંગ મટીરીયલ્સની કીંમતમાં ૨૦ થી ૨૨ ટકાનો વધારો થયો છે. આ સ્થિતિના લીધે બાંધકામ પણ મોંઘુ થયુ છે બિલ્ડીંગ કન્સ્ટ્રકશનની કોસ્ટ પણ વધી છે. જેમાં પણ ગત વર્ષની સાપેક્ષમાં ૨૦ થી ૨૫ ટકાનો તોતિંગ વધારો થયો છે. બિલ્ડીંગ મટીરીયલ્સના ભાવ આસમાને અડતા ડેવલપર્સ પણ ભાવ વધારા માટે મજબુર બન્યા છે. જેના લીધે દિવાળી બાદ મકાનોની કીંમતમાં ૧૦ થી ૧૫ ટકાનો વધારો થશે તેવી પણ સંભાવના છે.

# મહાત્મા મંદિરની હોસ્પિટલ સમેટવાની સુચના

ગાંધીનગર, તા. ૨૮

ગાંધીનગરમાં મહાત્મા મંદિર ખાતે ઉભી કરાયેલ ૯૦૦ બેડની હોસ્પિટલને સમેટી લેવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.

આગામી જાન્યુઆરી માસમાં યોજાનાર વાયબ્રન્ટ સમીટના આયોજન અંગે આજે જીએમઈઆરએસના ડીન, ઈન્ડેક્ષ-બી તેમજ માર્ગ-મકાન વિભાગના અધિકારીઓ અને સરકારના ઉચ્ચ અધિકારીઓની ઉપસ્થિતિમાં મળેલ બેઠકમાં આ નિર્ણય લેવામાં આવ્યો છે.

ડીઆરડીઓ અને ટાટાના સહયોગથી આ હોસ્પિટલ તત્કાલ ઉભી કરવામાં આવી હતી. જેમાં દર્દીઓને ઓક્સિજન સપ્લાય મળી રહે તે માટે ૫૪ ટનની ક્ષમતા ધરાવતી ઓક્સિજન ટેન્કની પણ વ્યવસ્થા કરવામાં આવી હતી. ૨૨૫ આઈસીયુ બેડ અને ૬૨૫ ઓક્સિજન બેડ ધરાવતી હોસ્પિટલનો તમામ સામાન હાલ તો સ્ટોર રૂમમાં મુકી દેવાની સૂચનાઓ અપાઈ છે.

દિપાવલી પહેલાં હોસ્પિટલની તમામ સામગ્રી હટાવી લેવામાં આવશે અને આ અંગેની કામગીરીનો પણ આરંભ થઈ ગયો છે.

જાન્યુઆરી માસમાં વાયબ્રન્ટનું આયોજન કરવુ હોય તો દિવાળી પછી તુરત જ મહાત્મા મંદિરની કામગીરી શરૂ કરી દેવી પડે અને એટલે જ આ સામાન હટાવી અને ગોડાઉનમાં મુકવાની સૂચના મળી છે પરંતુ ભવિષ્યમાં શુ ઉપયોગ કરવો તેની કોઈ જાણકારી આપવામાં આવી નથી.

કોવિડની પરિસ્થિતિ જ્યારે ખુબ ગંભીર હતી ત્યારે કેન્દ્રીય ગૃહમંત્રી અમીત શાહે આ હોસ્પિટલ ઉભી કરવાની જાહેરાત કરી હતી. આ હોસ્પિટલ ગણતરીના દિવસોમાં જ ઉભી કરી દેવામાં આવી હતી.

હાલ જિલ્લામાં કોવિડ-૧૯ની પરિસ્થિતિ સંપૂર્ણ નિયંત્રણ હેઠળ છે. જિલ્લામાં છેલ્લા કેટલાય દિવસોથી કોવિડ-૧૯ના કેસો નોંધાયા નથી. છુટાછવાયા કેસો જે મળ્યા હતા તે પણ હવે સાજા થઈ ગયા છે.

જિલ્લામાં કોવિડના પ્રતિકાર માટે રસીકરણ અભિયાન પણ પૂરજોશમાં ચાલી રહ્યુ છે. વેક્સિનના પ્રથમ ડોઝની કામગીરી ૧૦૦ ટકા થઈ ગઈ છે. તો બીજા ડોઝની કામગીરી પણ શહેર-જિલ્લામાં ૬૫ ટકા જેટલી થઈ ગઈ છે.

શહેર-જિલ્લામાં કરાયેલ સીરો સર્વેમાં પણ હર્ડ ઈમ્યુનીટી ડેવલપ થઈ ચુક્યા હોવાના તારણો સરકારને મળ્યા છે એટલે અને વાયબ્રન્ટના આયોજનને લઈ આ હોસ્પિટલને હાલ પુરતી બંધ કરી તેનો સામાન ખસેડી સલામત સ્થાને રાખવાનો નિર્ણય લેવાયો છે.

# સોમવારથી શાળાઓમાં ૨૧ દિવસનુ દિવાળી વેકેશન

## કોરોના સંક્રમણ પણ કાબુમાં હોવાથી શાળાઓમાં વેકેશનને અનુલક્ષી વિદ્યાર્થીઓ અને વાલીઓમાં ખુશીનો માહોલ : પોતાના વતન તેમજ પ્રવાસ પર જવા માટે તૈયારીઓમાં વ્યસ્ત

ગાંધીનગર તા ૨૮

કોરોના કાળમાં લાંબા સમય બાદ શાળાઓમાં વિદ્યાર્થીઓની કોલાહલ ગુંજતી જોવા મળી છે. કોરોનાનુ સંક્રમણ કાબુમાં આવ્યા બાદ તબક્કાવાર શાળાઓમાં વિદ્યાર્થીઓની હાજરી પણ હવે નોંધપાત્ર જોવા મળે છે. જયારે ટુંકા સમયથી શરૂ થયેલી શાળાઓમાં હવે ફરી સુનકાર પ્રવર્તશે તા ૧ નવેમ્બરથી શાળાઓમાં ૨૧ દિવસનુ દિવાળી વેકેશન શરૂ થશે. જયારે આ વર્ષે કોરોના કાબુમાં હોવાથી દિવાળીના પર્વ દરમિયાન પરિવારજનો પ્રવાસ કરવાના મુડમાં છે. વિદ્યાર્થીઓ પણ અત્યારથી વેકેશન માંણવાના મુડમાં જોવા મળી રહ્યા છે. દિવાળી વેકેશન બાદ શાળાઓમાં વિદ્યાર્થીઓની હાજરી વધશે તેમ પણ મનાઈ રહ્યુ છે.

શહેરની શાળાઓ કોરોના કાળમાં છેલ્લા બે મહીનાથી માંડ ધમધમતી થઈ છે. શાળાઓમાં લાંબા સમય બાદ વિદ્યાર્થીઓનો કોલાહલ ગુંજતો થયો છે. હાલ કોરોના સંક્રમણ કાબુમાં હોવાથી વાલીઓ પણ વિદ્યાર્થીઓને નિશ્ચિંત બની શાળાએ મોકલવાનો આગ્રહ રાખે છે. જયારે આ સ્થિતિ વચ્ચે દિવાળી બાદ શાળાઓમાં વિદ્યાર્થીઓની હાજરી વધે તેવી

● અનુસંધાન પાન-૭ પર

# સે-૨૮ અને ૨૯ માં ગટર લાઈનના ખોદકામ બાદ જ માર્ગ સુધારણાનુ કામ હાથ ધરાશે

## અગાઉ સ્ટોર્મ વોટર લાઇનની કામગીરીના લીધે સેકટરોમાં ઠેર ઠેર માર્ગો પર ગાબડા અસ્તિત્વમાં આવ્યા હતા : વાઇબ્રન્ટ સમિટ પણ નજીકમાં હોવાથી દિવાળીના અંતે મુખ્યમાર્ગોનુ પણ રીસરફેસીંગ કરાશે

ગાંધીનગર તા ૨૮

શહેરમાં માર્ગ સુધારણાની કામગીરી લાંબા સમયથી બંધ છે. અલબત્ત વરસાદી દિવસોના લીધે માર્ગોનુ ડામર કામ થતુ ન હતુ. જયારે દિવાળી બાદ માર્ગોના કામ શરૂ કરી દેવાશે જો કે સે-૨૮ અને સે-૨૯ માં આંતરિક માર્ગોની સુધારણાનુ કામ ગટર લાઈનના ખોદકામ બાદ હાથ ધરાશે. સેકટરમાં માર્ગોનુ પેવરકામ હાથ ધરવા માટે કામ પણ મંજુરી થઈ ગયુ છે. પરંતુ ગટર લાઈનના ખોદકામથી માર્ગોને નુકશાન ન થાય તે માટે આ નિર્ણય લેવાયો છે.

શહેરમાં છેલ્લા ચાર મહીનાથી માર્ગ સુધારણાની કામગીરી હાથ ધરવામાં આવી નથી સેકટરોમાં પણ આંતરિક વિસ્તારમાં છેલ્લા કેટલાક સમયથી માર્ગોની દશા ખરાબ છે. ત્યારે માર્ગોનુ કામ ઝડપથી હાથ ધરવામાં આવે તેવી પ્રબળ માંગણી પણ ઉઠવા પામી છે. પરંતુ હાલ સ્માર્ટ સીટીના પ્રોજેકટ અન્વયે પાણી ગટર લાઈનનુ કામ હાથ ધરવામાં આવનાર છે. શહેરમાં નવી લાઈન નાંખવા માટે આયોજન કરવામાં આવ્યુ છે. પાણીની લાઈન નાંખવા માટે કામ શરૂ કરી દેવાયુ છે. જયારે ગટર લાઈનને અનુલક્ષીને પણ ટુંકમાં કામગીરી હાથ ધરવામાં આવશે. ત્યારે સેકટરોમાં કેટલાક ઠેકાણે માર્ગ સુધારણાનુ કામ બાદમાં હાથ ધરવા માટે પણ નિર્ણય લેવાયો છે. ગટર લાઈન નાંખવા માટે ઠેર ઠેર ખોદકામ કરવામાં આવે છે. જયારે આ ખોદકામના લીધે માર્ગોની દશા ખરાબ થાય છે. ત્યારે પેવર કામ કર્યા બાદ લાઈનના સંદર્ભે ખોદકામ કરવામાં આવે ત્યારે માર્ગો ઉબડ ખાબડ બનવાની સંભાવના છે. અગાઉ પણ સ્ટોર્મ વોટર લાઈનની કામીગીરીના અંતે નગરના વોક વે તેમજ આંતરિક રસ્તાઓ પર ઠેર ઠેર ગાબડા અસ્તિત્વમાં આવ્યા હતા. આ સ્થિતિને અનુલક્ષી શહેરના સે-૨૮ અને સે-૨૯ માં માર્ગ સુધારણાની કામગીરી ગટર લાઈનના ખોદકામ બાદ શરૂ કરવા નિર્ણય લેવાયો છે. જયારે મુખ્યમાર્ગોની સુધારણાના બાકી કામો દિવાળી પર્વ બાદ હાથ ધરાશે. એકબાજુ વાઈબ્રન્ટ સમિટનુ આયોજન કરવાની ગતિવિધિઓ પણ શરૂ કરી દેવામાં આવી છે. ત્યારે મુખ્ય ઘ માર્ગના રીસરફેસીંગનુ કામ પણ ટુંકમાં હાથ ધરવામાં આવશે.



શિયાળાના આગમન સાથે... શિયાળુ માટલાઓનું વેચાણ માટે શહેરના મુખ્ય વળાંકો પર અવનવા આકારમાં માટલા વેચવા વેપારીઓ ગોઠવાયા છે... શહેરના દિવાળીના પગલે માર્ગો પર અનેક પ્રકારની ચીજવસ્તુઓ વેચાઈ રહી છે... ત્યારે માટલાએ પણ આકર્ષણ જમાવ્યું છે...

# મિલ્કતોના સર્વેની કામગીરી સઘન કરવા ટીમો વધારો : કમિશનર

ગાંધીનગર, તા. ૨૮

ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા નવા ભેળવવામાં આવેલ વિસ્તારોમાં મિલ્કતોના સર્વેની કામગીરી નવેમ્બર માસ દરમ્યાન પૂર્ણ થઈ જાય તે માટે સર્વેની ટીમોમાં વધારો કરવા મ્યુનિ. કમિશનર ડૉ. ધવલ પટેલે જણાવ્યુ છે.

તાજેતરમાં મનપાના શાખાધિકારીઓની યોજોલી સમીક્ષા બેઠકમાં તે આ માટેની જરૂરી સૂચનાઓ આપી હતી. મળતી વિગતો પ્રમાણે અત્યાર સુધીમાં ૪૦ હજાર જેટલી મિલ્કતોના સર્વેની કામગીરી પૂર્ણ થઈ ગઈ છે.

તંત્રની ટીમો દ્વારા આજથી કુડાસણ વિસ્તારમાં સર્વેની કામગીરીનો આરંભ થયો હોવાનું

● અનુસંધાન પાન-૭ પર

# વિકાસ કામો અને અનુભવના ભાથાનું વિચાર વલોણુ કરવા ભાજપની ડિનર ડિપ્લોમસી

ગાંધીનગર, તા. ૨૮

ગાંધીનગર શહેરમાં વિકાસના કામોને અગ્રતા આપવા સામુહિક ચિંતન અને નિર્ણયનો અભિગમ નવનિયુક્ત પદાધિકારીઓએ અપનાવ્યો છે.

સામુહિક નેતૃત્વ અને સામુહિક નિર્ણયની વિચારધારા જે પક્ષની વિચારધારા હોવાથી ગઈકાલે સ્થાયી સમિતિના સિનીયર સભ્ય અને મહાનગર એકમના પૂર્વ પ્રમુખ મહેન્દ્રભાઈ પટેલ(દાસ)ના નિવાસસ્થાને એક ડિનર ડિપ્લોમસીનું આયોજન કરાયુ હતુ.

આ ડિનર ડિપ્લોમસીમાં શહેરના પૂર્વ મેયરો મહેન્દ્રસિંહ રાણા, પ્રવિણભાઈ પટેલ અને રીટાબેન કે. પટેલ તેમજ નવનિયુક્ત પદાધિકારીઓ મેયર હિતેશભાઈ મકવાણા, ડે. મેયર પ્રેમલસિંહ ગોલ અને સ્થાયી સમિતિના ચેરમેન તેમજ મહેન્દ્રભાઈ પટેલ ઉપસ્થિત રહ્યા હતા.

પૂર્વ મેયરો સાથે વિકાસની ગતિ વેગીલી બનાવવા ઉપરાંત પ્રશ્નોના ઉકેલ માટેના અભિગમની ચર્ચાઓ થઈ હોવાનું જાણવા મળેલ છે. મળતી વિગતો પ્રમાણે વાયબ્રન્ટ સમિટ પહેલાં શહેરને સ્વચ્છ તેમજ નયનરમ્ય બનાવવા ગ્રીન ગાંધીનગર પ્રોજેક્ટને આગળ ધપાવવામાં આવશે. હાલ જે બગીચાઓના રિનોવેશનની કામગીરી ચાલુ છે તે ઝડપથી પૂર્ણ કરી તેના લોકાર્પણની દિશામાં આગળ વધવામાં આવશે તેમ જાણવા મળેલ છે.

બેઠક અંગે મેયર હિતેશ મકવાણાનો સંપર્ક કરતાં તેમણે જણાવ્યુ હતુ કે આ અમારી ચિંતન બેઠક હતી. અનુભવીઓના અનુભવનો લાભ અમારી પાંખને મળે અને ગાંધીનગર લવેબલ બને તે અભિગમ સાથે અમારી ટીમ કામ કરશે અને આ માટે અમે એક રોડમેપ પણ હવે પછીના સમયમાં તૈયાર કરી દેશુ.

## ત્રીજી વાર્ષિક પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ



**સ્વ. આલજીભાઈ ગોવિંદભાઈ જાદવ**

સ્વર્ગવાસ તા. ૨૯/૧૦/૨૦૨૧

જીવન એવું જીવી ગયા કે ભૂલશું નહિ વિદાય એવી લીધી કે અમે વિસરશું નહી. છોડી અમારા સૌનો સાથ વસ્યા પ્રભુને પાસ.
આપની અણધારી થઈ વિદાય, યાદ અમારા દિલમાં રહેશે સદાય.
પરમાત્મા આપના દિવ્ય આત્માને પરમ શાંતિ અર્પે એજ પ્રાર્થના...

લી.

મધુબેન આર. મકવાણા - દિકરી
રામજીભાઈ મકવાણા - જમાઈ | મધુબેન આર. મકવાણા - દિકરી
પ્રતિક આર. મકવાણા - ભાણેજ | મંજુલા પી. મકવાણા-ભાણેજ વહુ
મેહુલ આર. મકવાણા-ભાણેજ | પૂજા એમ. મકવાણા-ભાણેજ વહુ
જયેશકુમાર ચાવડા-ભાણેજ જમાઈ | સંગીતા જે. ચાવડા - ભાણી
પ્રિયાંસી - સોહમ - રાજવીર - રિદ્ધી - ઈશા

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ ®
AN ISO 9001:2015 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર.
મો. : ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા
ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

# દિવાળી ઉજવણી માટે સરકારે ઉદારતાપૂર્વકની છૂટછાટો આપી

## ગાંધીનગર સહિત ૮ મહાનગરોમાં ૩૦ નવેમ્બર સુધી માત્ર ૪ કલાકનો રાત્રિ કરફ્યુ : વેપાર પ્રવૃત્તિ રાત્રે ૧૨ વાગ્યા સુધી ચાલુ રાખી શકાશે : સ્નેહ મિલન સમારોહમાં ૪૦૦ વ્યક્તિઓને સામેલ કરવાની છૂટછાટ

ગાંધીનગર, તા.૨૮

આગામી દિવાળી અને છઠ્ઠ પૂજાના પર્વો નિમિત્તે રાજ્યના ૮ મહાનગરોમાં રાત્રિ કરફ્યુ હવે માત્ર ૪ જ કલાક રહેશે. રાત્રે ૧ વાગ્યાથી સવારના ૫ વાગ્યા સુધીનો કરફ્યુ ૩૦મી ઓક્ટોબરથી ૩૦ નવેમ્બર સુધી રહેશે. સાથો સાથ સિનેમાહોલને ૧૦૦ ટકાની ક્ષમતા સાથે ચાલુ રાખી શકશે. જ્યારે રેસ્ટોરન્ટને ૭૫ ટકાની ક્ષમતા સાથે રાત્રિના ૧૨ વાગ્યા સુધી ખુલ્લી રાખી શકશે.

રાજ્યના ૮ મહાનગરોની તમામ દુકાનો, લારી - ગલ્લા, શોપીંગ મોલ, વાણિજ્ય સંસ્થાઓ, સલુન, બ્યુટી પાર્લર, માર્કેટીંગ યાર્ડ તથા અન્ય વેપારી ગતિવિધિઓ રાત્રે ૧૨ વાગ્યા સુધી ચલાવી શકાશે.

નવા વર્ષના સ્નેહ મિલનના કાર્યક્રમો માટે ૪૦૦ વ્યક્તિઓને છૂટ આપવાનો પણ નિર્ણય કરાયો છે. જોકે કોરોના ગાઈડ લાઈનનું કડક પાલન કરવાનું રહેશે.

સ્પા-સેન્ટરો પણ સવારના ૯ વાગ્યાથી રાત્રિના ૯ વાગ્યા સુધી ચાલુ રાખી શકાશે. આમ દિવાળી પર્વની ઉજવણી ધામધુમથી થઈ શકે તે માટે રાજ્ય સરકારે ઉદારતાપૂર્વક છૂટછાટ આપી વેપારીઓને રાહત આપી છે.

સરકારની છૂટછાટો સાથે પ્રજાએ પણ સાવધાની રાખવાની અનિવાર્યતા છે. નવા પ્રકારનો કોરોનાનો વેરિયન્ટ ભારતમાં પ્રવેશ્યો છે તેની ચિંતા સાથે દિવાળી પર્વની ઉજવણી કરવા અપીલ કરાઈ છે.

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com